આણંદ જિલ્લાની સૌથી મોટી કોવિડ હોસ્પિટલમાં માનવતા નેવે મુકાઇ

# કરમસદની શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં સ્વયંસેવકોને બહાર જ રહેવા આદેશ

**કોરોના** દર્દીને લઇને આવતી એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનોના ચાલકો અને સગાઓને ભોજન, ચા પાણી નાસ્તો કરાવતા યુવાનો ખદેડ્યાં



(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ જિલ્લાની સૌથી મોટી કોવિડ હોસ્પિટલ શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં સાડા ત્રણ સોથી વધુ કોરોનાના દર્દી સારવાર લઇ રહ્યાં છે. આ ઉપરાંત હોસ્પિટલ પરિસરમાં એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનોની લાંબી લાઇન વેઈટીંગમાં જોવા મળે છે. સારવારની રાહ જોતા આ દર્દીઓ સાથે સગા વ્હાલા પણ હોય છે. જેમના માટે જમવાનું, ચા નાસ્તાની વ્યવસ્થા માટે આણંદ અને કરમસદના સેવાભાવી યુવકો આગળ આવ્યાં છે. પરંતુ હોસ્પિટલના સંચાલકોએ તેમને બહાર ખદેડતાં ભારે હોબાળો થયો છે.

કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ કોરોના દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. પરંતુ છેલ્લા સપ્તાહ દરમિયાન હોસ્પિટલના સંચાલકો દ્વારા લેવાતા કેટલાંક નિર્ણયથી વિવાદો ઉભા થઇ રહ્યાં છે. કોવિડ દર્દીઓથી હોસ્પિટલ હાઉસફુલ થઇ ગઈ છે. જેને કારણે જિલ્લા અને જિલ્લા બહારથી મોટી સંખ્યામાં ખાનગી વાહનો તથા એમ્બ્યુલન્સમાં સારવાર માટે દર્દીઓની બહાર લાઇન લાગી છે. તેમની સાથે સગા વ્હાલા પણ હોય છે. આ લોકો બહારના હોવાથી તેમને જમવા, ચા નાસ્તાની ભારે તકલીફ પડી રહી છે. આ સ્થિતિના પગલે કરમસદ અને આણંદના કેટલાક સ્વયંસેવક યુવાનો આગળ આવ્યાં છે અને તેઓ નિયમિત રીતે જમવાનું અને ચા પાણી નાસ્તો વિતરણ કરે છે. પરંતુ કરમસદ હોસ્પિટલના સંચાલકો દ્વારા સોમવારના રોજ એકાએક સ્વંય સેવકોને બહાર ખદેડ્યા હતાં. જેને કારણે ભારે હોબાળો થયો હતો. આ મામલો સાંસદ મિતેષભાઈ પટેલ સુધી પણ પહોંચ્યો હતો. પરંતુ તેઓએ હોસ્પિટલના સંચાલકો સાથે વાતચીત કરી નિવેડો લાવવા સુચના આપી હતી.

### દરરોજ 30થી 40 એમ્બ્યુલન્સ વેઈટીંગમાં હોય છે, મંડપ બાંધવો જોઈએ

'શ્રીકૃષ્ણ હોસ્પિટલ બહાર 30થી 40 એમ્બ્યુલન્સ વેઈટીંગમાં હોય છે. દર્દી સાતે આવેલા સગા વ્હાલા અને એમ્બ્યુલન્સ ચાલક સહિત 300 જેટલી વ્યક્તિ બહાર હોય છે. જેમને જમવાનું અને ચા નાસ્તો પહોંચાડતા હતાં. સ્થિતિ જોતા બહાર મંડપ બાંધવા માટે હોસ્પિટલમાં રજુઆત કરતાં તેઓએ સ્વયંસેવકોને જ બહાર રહેવા સુચના આપી દીધી હતી.'

- રાકેશ પટેલ, સ્વયંસેવક, કરમસદ.

### લોકો ટોળે વળે છે અને ગંદકી થાય છે

'શ્રીકૃષ્ણ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં સ્વયંસેવકો દ્વારા જમવાનું, ચા પાણી નાસ્તો આપવામાં આવે છે. તે સમયે દર્દીના સગાવ્હાલા સહિત સૌ ટોળે વળે છે. જેને કારણે સોશ્યલ ડિસ્ટન્સનો બંગ થાય છે. આ ઉપરાંત પરિસરમાં ગંદકી પણ ફેલાય છે. બીજી તરફ દર્દીના સગા વ્હાલાને નિયમિત જમવાનું, ચા પાણી નાસ્તો મળે તે માટે ફુડ સેન્ટરની વ્યવસ્થા છે.'

- હેતલ દવે, મીડીયા મેનેજમેન્ટ, શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ.

પાયલોટ અને ઇ.એમ.ટી.ને જમવાનો સમય પણ નથી મળતો

# ખેડા જિલ્લા ૧૦૮ના ૭૮ શૂરવીરો રાત-દિવસ દર્દીની સેવા કરી રહ્યા છે

**એક** ટીમ ડયુટી દરમિયાન ૫૫૦ કિલોમીટરથી પણ વધુની સફર કોરોના દર્દીઓ માટે કરે છે



(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩

હાલમાં ખેડા જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતી અત્યંત ગંભીર બની છે. આવા સમયે લોકો મદદ માટે તુરંત જ ૧૦૮ નો સંપર્ક કરે છે. કોઈપણ હેલ્થ ઈમરજન્સી હોય લોકો તુરંત જ ૧૦૮ ને ફોન કરે છે. હાલમાં મહામારીના આ કપરાં કાળમાં જ્યારે સ્વજનો પણ મોઢું ફેરવી લે, તેવા સંજોગોમાં ખેડા જિલ્લાના ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના ૭૮ શૂરવીરો રાત-દિવસ જોયા વગર કોવિડના દર્દીઓની સારવાર અને તેમને હોસ્પિટલ પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે.

ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૦ થી કોરોનાનો પગપેસારો થયો. વર્ષ ૨૦૨૦ ની સરખામણીએ વર્ષ ૨૦૨૧ માં કોરોનાની લહેર જીવલેણ પુરવાર થઇ રહી છે. છેલ્લા ૧૨ મહિના ઉપરાંતથી જિલ્લાભરના કોરોનાના દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવાનું કામ કરતી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના ૭૮ કર્મચારીઓ પૂરા ખંતથી પોતાની ફરજ નીભાવી રહ્યા છે. વર્તમાન સમયમાં સ્થિતી એવી છે કે રાત-દિવસ જોયા વગર આ કર્મચારીઓ કોવિડ દર્દીઓની સુશ્રુષામાં વ્યસ્ત છે. ન જમવાનું ઠેકાણું, ન આરામનું, ન ચા કે ન નાસ્તો.

કાળઝાળ ગરમીમાં સતત દોડતી ૧૦૮ ના શૂરવીરોના મોઢે થાક શબ્દ સાંભળવા નથી મળતો . ૧૦૮ ની કામગીરી મામલે ખેડા જિલ્લા ૧૦૮ ના અધિકારી સંદીપભાઈ સાથે ગુજરાત મિત્રની ટીમે વાતચીત કરી જેમાં એક એમ્બ્યુલન્સ સરેરાશ ૫૫૦ કિ.મી. ની રોજની સફર કોવિડના દર્દીઓ માટે કરતી હોવાનું જાણવા મળ્યું. નડિયાદથી મુંબઇ (૫૫૦ કિ.મી.) પહોંચવામાં ૧૨ કલાકનો સરેરાશ સમય લાગે છે, ત્યારે ૧૦૮ ની ટીમ રોજ આટલી મુસાફરી કરી, નાનકડો બ્રેક લઈને પરત ફરજ પર હાજર થઈ જાય છે. થાક્યા વગર, કે થોભ્યા વગર સતત જિલ્લામાં ૧૦૮ ની ટીમ પોતાની ફરજ બજાવતી જોવા મળી રહી છે.

### સમય ન મળે તો ચા-બિસ્કીટપર દિવસ નીકળી જાય

૧૦૮ ના પાયલોટ અને ઇ.એમ.ટી. સાથે ગુજરાત મિત્રની ટીમે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે, સતત કોલ મળતાં હોવાથી જમવાનો સમય સેટ નથી થતો. ક્યારેક ચા-બિસ્કીટ કે ક્યારેક વેફરના પેકેટ ઉપર પણ દિવસ પસાર કરી લઇએ છીએ, જેથી કરીને વધુમાં વધુ દર્દીઓ સુધી સમયસર પહોંચી શકીએ.

### જિલ્લામાં ૩૮ ઇ.એમ.ટી અને ૪૦ પાઇલોટ ફરજ પર

ખેડા જિલ્લામાં હાલમાં કુલ ૭૮ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. જિલ્લામાં ૧૦૮ ની કુલ ૧૭ એમ્બ્યુલન્સ છે. જેમાં ૩૮ ઇ.એમ.ટી છે અને ૪૦ પાઇલોટ છે. એક એક ક્ષણ જીવનની રેસ સમાન હોય છે, ત્યારે બને ત્યાં સુધી જીંદગી જીતી જાય તે માટેના પ્રયાસો કરવામાં આવે છે.

# આણંદના માર્ગ-મકાન વિભાગના ઇજનેર લાંચ લેતા પકડાયાં

**કોન્ટ્રાક્ટરની** ફાઇલ એપ્રુવલ કરવા 15 હજાર માંગ્યા હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદના માર્ગ અને મકાન પંચાયતના પેટા વિભાગના કાર્યપાલક ઈજનેર કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.15 હજારની લાંચ લેતા રંગેહાથ પકડાઇ ગયાં હતાં. તેઓએ કોન્ટ્રાક્ટરની ફાઈલ એપ્રુવલ કરાવવા માટે લાંચ માંગી હતી. જેના પગલે એસીબીએ ટ્રેપ ગોઠવી હતી.

આણંદના માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગમાં ફરજ બજાવતા કાર્યપાલક ઈજનેર જગદીશચંદ્ર ખાપાભાઈ પટેલે એક કોન્ટ્રાક્ટર પાસે રૂ.15 હજારની લાંચ માંગી હતી. 14મા નાણા પંચ અંતર્ગત 2019-20 તથા 2020-21ના પોતાના ગામમાં વિકાસલક્ષી કામો કર્યાં હતા. જે વિકાસલક્ષી કામોની ફાઈલ એપ્રુવલ થવા માટે કોન્ટ્રાક્ટર કચેરીમાં ગયાં હતાં. તે સમયે રૂ.12 હજારની લાંચ માંગી હતી. જોકે, લાંચ આપી નહતી. બાદમાં ગામમાં 2020-21ના વિકાસલક્ષી કામો કર્યા તે ફાઈલ પણ એપ્રુવલ થવા માટે ગયા તે વખતે ગયા વરસના 12 હજાર અને 2020-21ના રૂ.3000 એમ મળી કુલ રૂ.15 હજારની લાંચ માંગી હતી. આ અંગે એસીબીમાં ફરિયાદ કરતાં સોમવારના રોજ છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં જગદીશચંદ્ર ખાપાભાઈ પટેલ લાંચ લેતા રંગેહાથ પકડાઇ ગયાં હતાં.

## નડિયાદમાં કરફ્યુમાં ગરબાનું આયોજન કરતાં ધરપકડ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩

નડિયાદ શહેરમાં હાલ નાઈટ કરફ્યું અમલી છે. દરમિયાન એક પરિવારે પોતાના ઘરે લગ્નપ્રસંગ દરમિયાન રાત્રીના સમયે ગરબાનું આયોજન કરી જાહેરનામાનો ભંગ કર્યો હતો. જેથી પરિવારના મોભી શંભુભાઈ રમણભાઈ ઠાકોરની અટકાયત કરી હતી.

# મહિસાગર જિલ્લાના કોરોના દર્દીની આંકડા જાહેર કરવામાં રમાતી રમત

**રાજ્ય** સરકારની યાદીમાં 169 સામે જિલ્લાના આરોગ્ય વિભાગે 87 કેસ જ બતાવ્યાં

(પ્રતિનિધિ) સંતરામપુર તા.3

મહીસાગર જિલ્લાના કોરોના પોઝીટીવ દર્દીના જાહેર કરાતા આંકડામાં કોઈ રાજરમત રમાતી હોવાની ગંધ ઉઠી છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાતા આંકડા કરતાં અડધા જ આંકડા જિલ્લા કક્ષાએ જ જાહેર કરવામાં આવી છે. તેનો તાજો દાખલો 2જી મેના રોજ જોવા મળ્યો હતો.

ગાંધીનગર ખાતેથી 2જી મેના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જાહેર કરેલી યાદીમાં કોરોનાના કુલ કેસ 169 અને 1 મોત જાહેર કરવામાં આવ્યું હતું. જ્યારે જિલ્લા પંચાયતની આરોગ્ય વિભાગ દ્વારા જુદા જ આંકડા દર્શાવવામાં આવ્યાં હતાં. મહિસાગર જીલ્લા પંચાયતની આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાના પોઝીટીવ દર્દીઓની સંખ્યા કુલ 110 દર્શાવ્યાં હતાં. આમ, મહિસાગર જીલ્લા આરોગ્ય શાખા દ્વારા રોજેરોજની કોરોનાની દર્દીઓની જાહેર કરાતી સંખ્યામાં અધધ તફાવત જોવા મળી રહ્યો છે. આમ જીલ્લામાં કોરોનાના પોઝીટીવ એકટીવ કેસોના આવતા દૈનિક આંકડાઓ ખરેખર વાસ્તવિક રીતે સાચા બતાવવામાં આવતા ન હોવાની ફરિયાદ ઉઠી છે.

આણંદમાં રેમડેસીવીર ઇન્જેકશનની કાળા બજારીનું વધુ એક નેટવર્ક પકડાયું

# આણંદમાં ડુપ્લિકેટ રેમડેસિવિર ઈન્જેકશન સાથે નડિયાદ સિવિલનો કર્મચારી પકડાયો

**એસઓજીએ** રેમડેસીવીર ઇન્જેક્શનની ખાલી શીશી, ગ્લુકોઝ બોટલ સહિત 1.63 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં બ્રધર્સ સ્ટાફના કર્મચારીને ડુપ્લીકેટ રેમડેસીવીર ઈન્જેકશન સાથે પકડી પાડ્યો હતો.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.જી. ચૌધરી તથા ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, જગદીશચંદ્ર ઉર્ફે જગો રમણભાઈ પરમાર (રહે. ઉમરેઠ) ડુપ્લીકેટ રેમડેસીવીર ઈન્જેકશન લાવી ઉંચા ભાવે વેચે છે. આ બાતમી આધારે પોલીસે નવા બસ સ્ટેન્ડ સામે આવેલા સરદારબાગ પાસેથી જગદીશચંદ્રને પકડી પાડ્યો હતો. જગદીશચંદ્રની તલાસી લેતાં ડુપ્લીકેટ રેમડેસીવીર ઈન્જેકશન 2, ખાલી શીશી 15, ગ્લુકોઝ બોટલ, સીરીન 4, ખાલી બોટલ, એક્ટીવા, રોકડ રૂ.1.26 લાખ મળી આવ્યાં હતાં. આ અંગે પોલીસે જગદીશચંદ્ર સામે નોંધ્યો હતો.

### નડિયાદ સિવિલ હોસ્પિટલમાંથી ખાલી શીશીમાં ગ્લુકોઝનું પાણી ભેળવી ઇન્જેકશન બનાવતો હતો

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની તપાસમાં જગદીશચંદ્ર નડિયાદ સિવિલ હોસ્પિટલમાં બ્રધર્સ સ્ટાફમાં ફરજ બજાવતો હોવાનું કબુલ્યું હતું. ફરજ દરમિયાન કોરોના દર્દીને આપવાના ઇન્જેકશનમાંથી 50 એમએલ જેટલો જથ્થો તે કાઢી લેતો હતો. દિવસ દરમિયાન અનેક દર્દીને અપાતા ઇન્જેકશનમાંથી કાઢેલો આ જથ્થો ઘરે લઇ ગયા બાદ તેને ફરી ગ્લુકોઝના પાણીમાં ભેળવી નવું લીક્વીડ તૈયાર કરતો હતો. બાદમાં નડિયાદ સિવિલ હોસ્પિટલમાંથી જ રેમડેસીવીરની ખાલી શીશી લાવી તેમાં ગ્લુકોઝવાળું લીક્વીડ ભરી રૂ.3000થી લઇ 15000 સુધીમાં વેચતો હતો. અત્યાર સુધીમાં 35 જેટલા ઇન્જેકશન વેચી દીધાં હતાં.

# મહિસાગર આરોગ્ય વિભાગના મહિલા કર્મીનું કોરોનાથી મોત

(પ્રતિનિધિ) સંતરામપુર, તા.3

મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગના મહિલા કર્મચારીનું કોરોનામાં અવસાન થયું હતું. મહીસાગર જિલ્લામાં કોરોના ઘાતક રીતે વકરી રહ્યો છે, જેમાં વધુ એક સરકારી કર્મચારીએ જીવ ગુમાવ્યો છે. કડાણા તાલુકામાં આવેલા સરસવા (ઉત્તર). પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ફિમેલ હેલ્થવર્કર પટેલીયા શારદાબેન ઓકસીજનનું લેવલ એકદમ ડાઉન થઈ જતાં કોરોનાનું સંક્રમણ થતાં તેઓને વડોદરા ખાતે ગોત્રી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યાં તેઓની તબિયત લથડતા તેમને વેન્ટીલેટર પર રખાયેલા જેમનું સારવાર દરમ્યાન વડોદરા ખાતે અવસાન પામ્યાં હતાં.

### સંતરામપુર અને કડાણામાં ટેસ્ટ ઘટતા કેસ પણ ઘટ્યાં

સંતરામપુર તાલુકામાં રવિવારના રોજ કોરોનાના પોઝીટીવ દર્દીઓની સંખ્યા કુલ 19 આવી છે. જે પૈકી છ કોરોના પોઝીટીવ દર્દીઓ સંતરામપુર નગરના છે. કડાણામાં રવિવારના રોજ કોરોના થયેલા રેપીડ ટેસ્ટમાં શુન્ય રીપોર્ટ આવ્યો છે. રેપીડ ટેસ્ટમાં કોરોનાનો રીપોર્ટ ત્વરીત મળતો હોવાથી શહેરીજનોને ગ્રામજનોની ડીમાન્ડ રેપીડ ટેસ્ટ કરાવવા માટેની જોવા મળે છે. પરંતુ રેપીડ ટેસ્ટ કરવાની કિટની અછત ઊભી થઇ છે.

# આણંદ ગંજબજારમાં લોકડાઉનનો મિશ્ર પ્રતિસાદ



આણંદ શહેર અને જિલ્લામાં વધી રહેલા કોરોના કેસના પગલે ઠેર ઠેર સ્વૈચ્છીક લોકડાઉન જાહેર કરવામાં આવી રહ્યું છે. જેમાં આણંદ અનાજ વેપારી મહાજન દ્વારા સરદાર ગંજને 3જી મેથી 16મી મે સુધી સવારના 8થી બપોરના 2 વાગ્યા સુધી જ દુકાન ખુલ્લી રાખવા નિર્ણય લેવામાં આવ્યો હતો. બપોરના 2 બાદ દુકાનો બંધ રાખવાના આ નિર્ણયના પ્રથમ દિવસે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. કારણ કે કેટલાક વેપારીઓ દ્વારા ગંજબજાર બપોર બાદ ખુલ્લી રાખવામાં આવ્યું હતું. જેને કારણે ગ્રાહકોની અવર જવર પણ જોવા મળી હતી.

ધનસુરામાં માનવતાનું કામ કરવા જતાં કડવો અનુભવ

# બુટાલગામેરસ્તામાંથીમળેલુંપાકીટ પરતકરવાગયેલાયુવાનોપરહુમલો

**પાકીટમાં** 5 હજાર રૂપિયા કાઢી લીધાનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ આપી

(પ્રતિનિધિ) અરવલ્લી તા.૩

અરવલ્લી જિલ્લાનાં ધનસુરા તાલુકામાં આવેલા બુટાલ ગામે બે દિવસ અજીબો ગરીબ ઘટના સામે આવી છે. બુટાલ ગામે રહેતા એક યુવક ને ગામનાં જ અનુસૂચિત જાતિનાં એક શખ્સનું પાકીટ રસ્તામાં પડેલું મળ્યું હતું. જેમાં જરૂરી ડોક્યુમેન્ટ હોવાથી કેટલાક યુવાનો એ પાકીટ પરત આપવા માટે ગયા હતા. ત્યારે પાકીટનાં માલિક અને તેની પત્ની એ આક્ષેપ કર્યો કે પાકિટમાં 5 હજાર રૂપિયા હતા એ ક્યાં ગયા ? તમે લાવો ત્યારે યુવાનો એ જણાવ્યું કે, પાકીટમાં રહેલા રૂપિયા બાબતે અમને કંઈજ ખબર નથી, પરંતુ જે મળ્યું એ અમે માનવતાની દ્રષ્ટિ પરત આપવા આવ્યા છીએ. ત્યારે ઉશ્કેરાયેલા પાકીટ માલિક અને તેની પત્ની સહિત કેટલાક લોકો દ્વારા યુવાનો પર હુમલો કરવામાં આવ્યો હતો અને યુવાનો ને લાકડીનાં ઘા મારી ઘાયલ કર્યા હતા. બાદમાં ધનસુરા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી અને પોલીસે બુટાલ ગામે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. જોકે, પાકીટ માલિકે ધનસુરા પોલીસ મથકે 7 જણા વિરુદ્ધ એટ્રોસીટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી છે.

અઠવાડિયા અગાઉ ૨૬ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયાં હતાં

# કપડવંજએસટીડેપોમાંફરજબજાવતાં વધુ૧૩કર્મીકોરોનાનીઝપેટમાંઆવ્યાં

**કોરોના** સંક્રમિત કર્મચારીઓનો કુલ આંક ૩૯ પહોંચ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩

કપડવંજ એસ.ટી ડેપોમાં ફરજ બજાવતાં વધુ ૧૩ કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવતાં હવે કપડવંજ એસ.ટી ડેપોમાં કોરોના સંક્રમિત કર્મચારીઓનો કુલ આંક ૩૯ પહોંચ્યો છે. જેને લઈ એસ.ટી ડેપોમાં ફરજ બજાવતાં કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. કોરોના સંક્રમિત કર્મચારીઓ પૈકી મોટાભાગના કર્મચારીઓ હાલ હોમ ક્વોરન્ટાઈન થઈ ગયાં છે.

ખેડા જિલ્લામાં કપડવંજ એસ.ટી ડેપોમાં ડ્રાઈવર-કંડક્ટર સહિત કુલ ૩૦૦ કરતાં વધુ કર્મચારીઓ ફરજ બજાવે છે. જે પૈકી ડ્રાઈવર-કંડક્ટર ઉપરાંત પાસ બારી તેમજ પુછપરછ બારી ઉપર ફરજ બજાવતાં કર્મીઓ લોકોના સીધા સંપર્કમાં આવતાં હોય છે. જેને લઈ અઠવાડિયા અગાઉ કપડવંજ એસ.ટી ડેપોમાં ફરજ બજાવતાં ડેપો મેનેજર, ડ્રાઈવર-કંડક્ટર અને મિકેનીકલ સ્ટાફ સહિત કુલ ૨૬ કર્મચારીઓ એક સાથે કોરોનાથી સંક્રમિત થયાં હતાં. જે બાદ રવિવારના રોજ વધુ ૫ ડ્રાઈવર અને ૮ કંડક્ટર કોરોનની ચપેટમાં આવ્યાં છે. જેને લઈ હવે કપડવંજ એસ.ટી ડેપોમાં કોરોના સંક્રમિત કર્મચારીઓનો કુલ આંક ૩૯ પહોંચ્યો છે. આટલા બધાં કર્મચારીઓ એક સાથે કોરોના સંક્રમિત થતાં અન્ય કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

કોરોના સંક્રમિત થયેલાં કર્મચારીઓ પૈકી મોટા ભાગના કર્મચારીઓ તબીબની સલાહ મુજબ હોમ ક્વોરન્ટાઈન થઈ સારવાર લઈ રહ્યાં છે. જ્યારે કેટલાક કર્મચારીઓની તબિયત થોડી લથડી હોવાથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

# મહિસાગર જિલ્લામાં કોરોના ટેસ્ટીંગ કામગીરી ખોરવાઇ

**રેપીડ** ટેસ્ટની કિટનો જથ્થો મર્યાદીત કરી દેતા સ્થિતિ વણસી, પીએચસી પર ટોળા ઉમટતાં પોલીસની મદદ લેવી પડી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.3

મહીસાગર જિલ્લામાં કોરોનાના ટેસ્ટીંગ માટેની રેપીડ ટેસ્ટની કિટનો જથ્થો પુરતો નહીં મળતા ટેસ્ટીંગની કામગીરીમાં ઘટાડો થયો છે. આ રેપીડ ટેસ્ટની કીટ ઘણી વખત પીએચસી પર ન હોવાથી ટેસ્ટ કરાવવા ગયેલા ગ્રામજનોને નિરાશ થઈને પરત ફરવું પડે છે. કેટલીક વખત રેપીડ ટેસ્ટ કરાવવા માટે લોકોના ટોળાં ઉમટતા હોવાથી કિટના અભાવે હાજર બધાના ટેસ્ટ નહીં થતાં કેન્દ્ર પર અફડાતફડીનો માહોલ જોવા મળે છે. પીએચસીના સ્ટાફને ગ્રામજનોના રોષનો ભોગ બનવું પડે છે.

કડાણા તાલુકાના માલવણ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં રેપીડ ટેસ્ટ કરાવવા માટે લોકોના ટોળાં ઉમટતા અફડાતફડી સર્જાઇ હતી. માલવણ પીએચસી પર રેપીડ ટેસ્ટ કરાવવા માટે સોથી વધુ ગ્રામજનો આવેલા અને રેપીડ ટેસ્ટ કરવા માટેની કીટ્સનો જથ્થો પુરતો નહતો. માત્ર ને માત્ર 25 રેપીડ ટેસ્ટ કીટ ફાળવાયેલ જેથી 25 વ્યક્તિના જ ટેસ્ટ કરાવાની કામગીરી થયેલી અને હાજર અન્યના રેપીડ ટેસ્ટ નહીં થતા સેંટર પર અફડાતફડીનો માહોલ જોવા મળતો હતો. વાતાવરણ તંગ બનતાં સ્થાનિક પોલીસની મદદ લેવી પડે છે. પીએચસી માલવણ સેંટર પર પોલીસે પહોંચીને લોકોને સમજાવીને મામલો શાંત પાડેલ જોવા મળતો હતો.

રાજય સરકાર અને આરોગ્ય, પરીવાર કલ્યાણ વિભાગે દ્વારા મહિસાગર જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધું હોવાથી કોરોનાનું સંક્રમણ ગામડાંઓમાં પણ પ્રસરી ગયું છે. ગામડાઓની પ્રજાના આરોગ્ય માટે કોરોનાનું ઝડપી નિદાન થાય તે માટે તંત્ર દ્વારા રેપીડ ટેસ્ટ કરાવવા માટેની કીટ્સનો જથ્થો પુરતો જથ્થો ફળવાય તે જરુરી છે. જેથી કોરોનાનું સંક્રમણ ફેલાય નહીં.



માલવણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આજરોજ કોરોનાના રેપીડ ટેસ્ટ કરાવવા માટે ઉમટી પડ્યા હતા, જોકે કીટ ન હોવાને કારણે હોબાળો થયો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
કિશોર પ્લાઝા,
આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
**ઈશાન ન્યૂઝ પેપર એજન્સી**
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ, .
સંપર્ક : 9924487199